# શિક્ષક બનવાના સબળ કારણો

શિક્ષકના વ્યવસાય માટે એવું કહેવાય છે કે, જેને ક્યાંય પ્રવેશ ન મળે, તે શિક્ષકના વ્યવસાયમાં પ્રવેશ મેળવે છે. જો આ વિધાન ખોટું હોય તો તેમ કહેનારને ખુલ્લા પાડવા જોઇએ અને જો સાચું હોય તો તે અંગે સમાજ અને સરકારે વિચારવું પડે ચિંતન કરવું પડે. આમ છતાં શિક્ષકનો વ્યવસાય સ્વીકારનાર ઘણાં છે અને તે વ્યવસાય ન સ્વીકારાય તેમ કહેનાર પણ ઘણાં છે. અહીં શિક્ષકનો વ્યવસાય કેમ સ્વીકારવો જોઇએ, શિક્ષક બનવાથી વ્યકિતને કયા કયા ફાયદા થાય છે તેની વાત કરીશું.

અન્ય વ્યવસાય કરતાં શિક્ષકનો વ્યવસાય પવિત્ર ગણાય છે. જેનું સમાજમાં ચોક્કસ સ્થાન છે અને અનન્ય મોભો છે. જે બીજા વ્યવસાયમાં જોવા નહીં મળે. જેથી આ વ્યવસાય સ્વીકારનારને પોતાના વ્યવસાય માટે ગૌરવ ઉપજશે. અન્ય વ્યવસાયમાં ઉચ્ચ હોદ્દો ધરાવનાર વ્યકિત પછી તે કોઇ કંપનીમાં મેનેજર હોય કે માલિક, કોર્ટના ન્યાયાધીશ હોય કે જિલ્લાના ડી.એસ.પી. હોય કે કલેક્ટર હોય તો પણ શિક્ષકને "સાહેબ" કહીને જ બોલાવે. આ બાબત જ શિક્ષકના વ્યવસાયને ગરીમા આપે છે. બીજો એવો કયો વ્યવસાય છે કે, જેના કર્મચારીને અન્ય વ્યવસાયના લોકો પણ સાહેબ કહીને બોલાવે? ગામડામાં શેરીમાંથી પસાર થનાર શિક્ષકને આજે પણ ગામના લોકો પગે લાગીને નત મસ્તકે નમસ્કાર કરે છે.આ ગૌરવ અન્ય વ્યવસાય નહીં આપી શકે.શિક્ષકને સમાજ માન-પાન આપે છે. સમાજ શિક્ષકને સારી દ્દષ્ટિથી જૂએ છે, શિક્ષક પર વધુ વિશ્વાસ મૂકે છે. શિક્ષકને વિદ્યાર્થીઓ જ માન આપે છે એવું નથી, વાલી પણ માન આપે છે. એજ ખરી શોભા છે આ વ્યવસાયની.

આ વ્યવસાયમાં કામ કરનાર શિક્ષકને પોતાના કામનો સંતોષ હોય છે. પોતાના કામનું પરિણામ તેને ઝડપથી જોવા અને જાણવા મળે છે. પરિણામે તેનામાં સતત આત્મવિશ્વાસ વધતો જાય છે. એટલું જ નહીં, ધારો કે કોઇ કારણસર શિક્ષકે કરેલા કામનું પરિણામ નબળું આવ્યું એટલે કે શિક્ષક બાળકોને ભણાવે અને બાળક નાપાસ થાય તો પણ  સમાજ શિક્ષકને જવાબદાર ઠેરવતો નથી. પેલા નાપાસ થનાર બાળકને જ જવાબદાર ઠેરવે છે. આમ સારાં પરિણામ માટે શિક્ષકને જવાબદાર ગણવામાં આવે છે અને નબળાં પરિણામ માટે બાળકને જવાબદાર ગણવામાં આવે છે. શિક્ષક માટે દાખવવામાં આવતી આવી હકારાત્મક દ્દષ્ટિ અન્ય વ્યવસાયી માટે દાખવવામાં આવતી નથી. આ વ્યવસાયમાં હંમેશને માટે જશ જ મળે છે.

શિક્ષક એટલે ફિલોસોફર. શિક્ષક વર્ગમાં ભણાવતો હોય ત્યારે વિદ્યાર્થીઓ તેને ખૂબ જ માનથી જોતા હોય છે. વિદ્યાર્થીઓના મનમાં તેમના શિક્ષક કહે તે જ સાચું. વિદ્યાર્થીઓ શિક્ષક પર ક્યારેય અવિશ્વાસ મૂકતા નથી. પરિણામે આ એક જ વ્યવસાય એવો છે કે, જેમાં શિક્ષક પોતાની ફિલોસોફી, પોતાના વિચારો, પોતાની દ્દષ્ટિ મુજબ વિદ્યાર્થીઓને વાળી શકે છે. પોતાનો મત વિદ્યાર્થીઓના મનમાં ઠસાવી શકે છે. આમ પોતાની વિચારધારા પ્રમાણે ખૂબ જ મોટા જૂથને તૈયાર કરવાનું અત્યંત મુશ્કેલ-અઘરું કામ શિક્ષક અનાયાશે-સરળતાથી કરી શકે છે. બીજાના જીવનમાં સરળતાથી પવિર્તન લાવી શકાય છે. તમારી વિચારધારા પ્રમાણેનો મોટો વર્ગ તમે ઊભો કરી શકો છો. શિક્ષકે જીવંતપાત્રો સાથે કામ કરવાનું છે. જેથી કામ કરવાની મજા આવે છે. કામ કર્યાનો સંતોષ મળે છે. કંટાળો આવતો નથી. ક્યારેક ચેલેન્જ પણ મળે. જે કામને વધુ જીવંત બનાવે છે.

શિક્ષકે શાળામાં ચોક્કસ સમયે જવાનું હોય છે. શાળા છૂટ્યા બાદ કે શાળા શરૂ થયાં પૂર્વે તેને સમય ફાળવવો પડતો નથી. જ્યારે અન્ય વ્યવસાયમાં ઓફિસકામના ચોક્કસ સમય ઉપરાંત સમય ફાળવવો પડે છે. એટલું જ નહીં, બીજા વ્યવસાયમાં ઓફિસમાં જઇને કામ કરવું જ પડે. કોઇ બેસી રહો તો તેની નોંધ લેવાય. જ્યારે શિક્ષકના વ્યવસાયમાં એવું નથી. શિક્ષક વર્ગમાં ધારે તેટલું કામ કરી શકે, ધારે તો સતત બેસી રહે તો પણ તેને રોકનાર-ટોકનાર કોઇ જ નથી. અન્ય વ્યવસાયમાં કર્મચારીએ કેટલું કામ કર્યું તેની નોંધ દિવસના અંતે દેખાઇ આવે છે. ફાઇલોના ઢગલા ઉલેચવા જ પડે. જ્યારે શિક્ષકે કેટલું ભણાવ્યું, કેવું ભણાવ્યું તેની નોંધ દરરોજ લેવાતી નથી. એટલું જ નહીં જીવનનિર્વાહ માટે જરૂરી પગાર પણ શિક્ષકના વ્યવસાયમાં સારા છે. હા... અત્યારના નવા નિયમો પ્રમાણે શરૂઆતના પાંચ વર્ષ ફિક્સ પગાર મળે છે. પણ ત્યારબાદ શિક્ષકના

વ્યવસાયમાં જલસા જ છે. શિક્ષક વદારાની આવક મેળવવા ટ્યુશન કરે છે. જેનો સ્વીકાર સરકાર ભલે ન કરે, પણ સમાજે સ્વીકાર કરેલ છે જ. વાલીઓ હોંશે હોંશે ટ્યુશન રખાવવા શિક્ષક પાસે જાય છે. આમ શિક્ષકના વ્યવસાયમાં જીવનનિર્વાહ માટે કોઇ ચિંતા રહેતી નથી. માર્કેટમાં આવતી મંદી-તેજીની કોઇ અસર થતી નથી. તમને મળવાનો પગાર મળવાનો જ છે. જેથી જીવનનિર્વાહની કોઇ ચિંતા રહેતી નથી. અધુરામાં પૂરૂં જો તમે બિનસરકારી શાળા કે કોલેજમાં ફરજ બજાવતા હોવ તો તમારે મોટાભાગે એક જ શાળા-કોલેજમાં નોકરી કરવાની હોય છે. જેથી બદલી થઇને દૂરના સ્થળે જવાનો ભય રહેતો નથી. હા, સરકારી શાળામાં બદલીઓ થાય છે, પણ તે શિક્ષકની ઇચ્છા મુજબ. ઇચ્છા વિર્રુંની બદલી થાય તો પણ કોઇ દૂરના સ્થળે ફેંકી દેવામાં આવે તેવું બનતું નથી.

ઉપરાંત સમાજમાં રહીને સમાજમાં નેતૃત્ત્વ કરવાની પૂરી તકો. વર્ષ દરમિયાન દરેક સામાજિક રાષ્ટ્રિય ઉત્સવો વખતે રજાઓ. બે વખત વેકેશન. જેથી કુટુંબ અને સગાંને પૂરો સમય આપી શકાય. પૂરતા પ્રમાણમાં સામાજિક બની શકાય. મોજશોખ, આનંદપ્રમોદ કે હરવાફરવા માટે પૂરતો સમય. માત્ર સમય જ નહીં ટેન્શન વગરનો સમય. એટલે કે શિક્ષક સાંજે પાંચ વાગે શાળા છૂટે પછી શાળામાંથી બહાર નીકળે તો તેના મન પર કામનું કોઇ ભારણ હોતું નથી. જેથી ઘેર આવે તો પણ મુક્ત મને કુટુંબ સાથે સમય વિતાવી શકે છે. આમ કરેલા કે કરવાના કોઇ કામનું ભારણ શિક્ષકના વ્યવસાયમાં હોતું નથી. શાળા-કોલેજમાં મોડા આવીને વહેલા જાવ તો પણ ચાલે ! તમારે લેવાના થતા પિરિયડનો ક્રમ બદલીને તમે મુક્ત રીતે તમારા અન્ય રોકાણો પતાવી શકો છો.

શિક્ષકે પોતાના રસના વિષયોમાં જ કામ કરવાનું હોય છે. ગણિતના શિક્ષકે ગણિત અને ગુજરાતીના શિક્ષકે ગુજરાતી વિષય જ શીખવવાનો હોય છે. આમ દરરોજનું કામ એકધાર્યુ હોવાથી પૂર્વ તૈયારી કરવાની બહુ હોતી નથી, કામનું ભારણ હોતું નથી, કામ આવડશે કે નહીં તેની કોઇ ચિંતા હોતી નથી. નવું કામ આવશે તો શું કરીશ તેનો ભય પણ હોતો નથી. એટલું જ નહીં શીખવતી વખતે સમય ઓછો હોય તો ઝડપથી અભ્યાસક્રમ પૂરો કરે તો પણ કોઇ વાંધો ઉઠાવતું નથી વગેરે. બીજી રીતે જોવા જઇએ એકધાર્યા ગણાતા કામમાં પણ નવીનતા તો હોય જ છે. જુદી જુદી પદ્ધતિથી કામ કરવામાં આવે, નવો એકમ શીખવવામાં આવે જેથી એકસમાન ગણાતા કામમાં પણ વિવિધતા જોવા મળે છે. ભૂલ થવાની શક્યતા નથી. અને કદાચ કોઇ ભૂલ થાય તો પણ તેના ખરાબ-માઠા પરિણામ મળતા નથી. થયેલી ભૂલ જ્યારે ખ્યાલ આવે ત્યારે સુધારી શકાય છે.

શિક્ષક એટલે વર્ગનો રાજા. એટલે કે તમારે જ્યાં કામ કરવાનું હોય ત્યાં તમે કહો તેમ જ, તે રીતે, તેટલું જ કામ થાય તેવો મોભો ભાગ્યે જ અન્ય કોઇ વ્યવસાયમાં હશે. તમારી ઇચ્છા કે રજા વગર કશું જ થાય અને તમે ઇચ્છો તે કરી શકો આવી સ્વતંત્રતા માત્ર શિક્ષકના વ્યવસાયમાં જ મળે.

તમારા વિદ્યાર્થીઓ ભવિષ્યમાં જુદા જુદા ક્ષેત્ર સથે સંકળાયેલ હશે જ? જેમકે, કોઇ વિદ્યાર્થી દાક્તર બને, કોઇ પોલીસ ઓફિસર હોય કે કોઇ રેલ્વે સ્ટેશન પર કારકૂની કામ કરતા હોય. જેથી શિક્ષકને આ તમામ વિદ્યાર્થીઓ મદદરૂપ થતા હોય છે. મોટા ઑીસરને જે કામ પૂરું કરાવતા દમ નીકળી જતો હોય તે જ કામ શિક્ષક સરળતાથી પતાવી શકશે, કારણ કે, દરેક કાતામાં , દરેક ક્ષેત્રમાં કોઇને કોઇ વિદ્યાર્થી ફરજ બજાતો જ હોય છે. એટલું જ નહીં ભવિષ્યમાં શિક્ષક વિદ્યાર્થીને ઓળખી નહીં શકે, પણ વિદ્યાર્થી શિક્ષકને ઓળખી બતાવશે, ચા પાશે, ખુરશી આપશે અને કોઇપણ ધક્કા વગર કામ કરાવી આપવાની પ્રોમીશ આપશે. આવું અન્ય વ્સાયમાં જોવા મળે ખરું?

માટે જ સૌ વાચક મિત્રોને સલાહ કે આવા પવિત્ર, ખૂબ જ ફાયદાકારક વ્યવસાયમાં જોડાવાનું સાચા દિલથી વિચારે તેમજ અન્યને સલાહ આપે. આ વ્યવસાય કદાચ કરોડપતિ નહીં બનાવે, તો સાથે રોડપતિ પણ નહીં બનાવે તેની ગેરંટી.